**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૦.૨ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૧ ટકા ● સાંજે ૨૪ ટકા

# સિવીલ હોસ્પિટલ ખાતે દર્દીઓ-સગાઓની વ્હારે સંઘના સ્વયંસેવકો

## દર્દીને ટિફિન પંહોચાડવાથી માંડીને હેલ્પડેસ્ક અને શબઘરની વહીવટી પ્રક્રિયામાં છેલ્લાં એક સપ્તાહથી ખડેપગે સેવા

ગાંધીનગર તા. ૦૩ દેશભરમાં કોરોના મહામારીની બીજી લહેરે ભારે આતંક મચાવ્યો છે અને હોસ્પિટલોમાં દર્દીઓના ધસારાને કારણે સ્ટાફ પણ ખૂટી પડ્યો છે. દરેક આપત્તિના સમયે હંમેશા નાત-જાત કે ધર્મ જોયા વગર નાગરિકોની પડખે રહી દેશસેવામાં લાગી જવા માટે જાણીતા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યકર્તાઓ કોરોના કટોકટીમાં પણ છેલ્લાં એક સપ્તાહથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે દિવસ-રાત ખડે પગે વિવિધ સેવાઓ આપી રહ્યાં છે.

કોરોના મહામારીમાં દર્દીઓ તથા તેમના સગાઓની મદદ કરવા માટે વિવિધ સેવા ભાવી સંસ્થાઓ અને સેવાભાવી સ્વયંસેવકોની સાથોસાથ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ગાંધીનગર જિલ્લા તથા શહેરના વિવિધ કાર્યકર્તાઓ પણ સેવા યજ્ઞમાં જોડાયા છે. છેલ્લા એક સપ્તાહથી સંઘના ૧૪ જેટલા કાર્યકર્તાઓ સવારે ૯ થી રાત્રે ૮ સુધી ગાંધીનગર સિવિલ હોસ્પિટલના કોવિડ સેન્ટર ખાતે પોતાની સેવા આપી રહ્યા છે જેમાં કોવિડ વોર્ડમાં કોરોનાના દર્દીઓના ઘરેથી આવેલું ભોજન દર્દી સુધી પહોંચાડવું, કોવિડ હેલ્પ ડેસ્ક ઉપર દર્દીઓની નોંધણી, ક્યાં જવું શું કરવુ તે અંગે ઉપયોગી માર્ગદર્શન તથા રિપોર્ટ વગેરેમાં મદદ કરવી તેમજ શબઘરમાં જરૂરી વ્યવસ્થા માટે મેડિકલ સ્ટાફને મદદ સહિત મૃતકના સગાને વિવિધ કામગીરીમાં સ્થાનિક તંત્ર સાથે સંકલનમાં રહીને તેમની જરૂરિયાત મુજબ સેવા આપી રહ્યા છે. આ ઉપરાંત સિવિલ હોસ્પિટલમાં દરરોજ રાત્રે બે સ્વયંસેવક હેલ્પ ડેસ્ક પર રાત્રે ૮ થી સવારે ૯ સુધી સેવા આપી રહ્યા છે. તમામ સ્વયંસેવકો કોવિડ ગાઈડ લાઈન અનુસાર માસ્ક, હેન્ડ ગ્લોવ્ઝ, હેડ પ્રોટેક્ટર વગેરે પહેરીને તેમજ જરુર મુજબ સેનેટાઈઝરનો ઉપયોગ વગેરે કરીને પોતાની અને દર્દી તેમજ તેમના સગાની સુરક્ષાનું પણ ધ્યાન રાખી રહ્યાં છે.





### સ્મશાનમાં અંતિમક્રિયામાં પણ સંઘના સ્વયંસેવકોની સેવા

ગાંધીનગરના રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના નગર કાર્યવાહ દિપક પ્રજાપતિએ જણાવ્યું હતું કે સંઘ દ્વારા આ સેવા કાર્ય આગામી સમયમાં જરૂર હશે ત્યાં સુધી ચાલુ રાખવામાં આવશે. આ ઉપરાંત સેક્ટર-૩૦માં આવેલા મુકતિધામ સ્મશાનમાં પણ ગાંધીનગર જિલ્લાના વિવિધ ગામોના છ જેટલા સ્વયંસેવકો છેલ્લા એક સપ્તાહથી સ્થાનિક વહીવટી તંત્ર સાથે મળીને વિવિધ સેવા આપી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ પહેલા સેક્ટર-૩૦ મુક્તિધામના સંચાલક દ્વારા અંતિમક્રિયામાં સેવા આપી શકે તેવા સ્વયંસેવકોને સેવા આપવા અપીલ કરી હતી જેના ભાગરૂપે સંઘના સ્વયંસેવકો આ સેવા યજ્ઞમાં જોડાયા છે.



## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




અમે નથી ઘટી ગયા... સાચુ તો, તમે લોકો વધી ગયા છો...!!

# શહેરમાં રેપીડ ટેસ્ટની કીટ ખૂટી પડતાં કેસ ઓછા

## છેલ્લા કેટલાક દિવસોથી વધી રહેલા કેસો પર અચાનક બ્રેક : ટેસ્ટ ઓછા થતાં કેસ ઓછા આવે છે

ગાંધીનગર, તા. ૩ ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના કેસો વધવાની ગતિ પર બ્રેક આવી ગઈ છે. જો કે તેની પાછળનું સાચુ કારણ ટેસ્ટ કીટ ખૂટી પડવી તે છે. મોટાભાગના સેન્ટરો પર રેપીડ ટેસ્ટ કીટ ખૂટી પડતાં કેસની સંખ્યા ઓછી આવી રહી છે.

કોરોનાના કેસોમાં હાલમાં સ્થિરતા આવી રહી છે. કેસોની સંખ્યા પર જાણે બ્રેક મારી દેવાઈ હોય તેમ કેસો વધતા અટકી ગયા છે. માર્ચ મહિનાથી વધવાના શરૂ થયેલા કેસો એપ્રિલ માસમાં પીક પર પહોંચી ગયા હતા. જો કે છેલ્લા બે-ત્રણ દિવસથી કેસો ઓછા થઈ રહ્યાં છે. શહેરમાં દરરોજ નોંધાતા કેસો ઘટી રહ્યાં છે. આવી સ્થિતિમાં કોરોના પર કાબુ આવી ગયો હોય તેવુ ચિત્ર સર્જાયુ છે.

જો કે હજુ ટેસ્ટ સેન્ટરો પર ભીડ વધુ જ જોવા મળે છે. પરંતુ જેટલી ભીડ ટેસ્ટ સેન્ટરો પર થાય છે તેટલી તપાસ થતી નથી. મોટાભાગના ટેસ્ટ સેન્ટરો પર ટેસ્ટ કીટો બપોર સુધીમાં જ ખૂટી જાય છે. પરિણામે સ્વાભાવિક રીતે જ કેસ ઓછા નોંધાય છે. કેટલાય દર્દીઓને પાછા જવુ પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.




## ખૂણેખાંચરેથી

- ગામે ગામ આઈસોલેશન સેન્ટરો કાર્યરત કરવાની સરકારની સૂચના પછી આ અંગે થયેલ કામગીરીની સમીક્ષા માટે આજે વિકાસ કમિશનરે વિડીયો કોન્ફરન્સ યોજી હતી.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના કોંગ્રેસના સિનિયર સભ્ય અજીતસિંહ રાઠોડ કોરોનાથી સંક્રમિત થતાં હોમ આઈસોલેટ થયા છે.
- ગાંધીનગર શહેર ભાજપના નવનિયુક્ત પ્રભારી અને પ્રદેશ મહામંત્રી ભીખુભાઈ દલસાણિયાની ઉપસ્થિતિમાં સંગઠનના આગેવાનોની બેઠક મળી હતી. જેમાં ચાલતા ''સેવાયજ્ઞ''ને લઈ ચર્ચાઓ થઈ હતી.
- ગાંધીનગર મામલતદાર ઓફિસમાં નાયબ મામલતદાર (મહેસુલ) તરીકે ફરજો બજાવતા મનીષભાઈ કડિયાના પિતાશ્રીનું આજે સવારે દુ:ખદ અવસાન થયુ છે.
- ગાંધીનગર જિલ્લાના સહકારી અગ્રણી અને દહેગામ રખિયાલના સરપંચના પતિ રમણભાઈ પટેલનું આજે સવારે હૃદયરોગના હુમલાથી દુ:ખદ અવસાન થયુ છે.
- જિલ્લા ભાજપના મંત્રી અને વ્યવસાયે એડવોકેટ ચંદ્રેશભાઈ એ. પટેલના લઘુબંધુ હરેશભાઈ પટેલનું કોરોનાની સારવાર દરમ્યાન અવસાન થયુ છે.

# ગાંધીનગરના યુવા અભિનેતા જનક ઠક્કરની સીબીએફસીમાં એન્ટ્રી

## સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશનની મુંબઈ ઝોનની સલાહકાર સમિતિમાં 'સૂરીના સરપંચ' જનક ઠક્કરની નિમણૂંક કરાઇ

ગાંધીનગર તા.૩ ગાંધીનગરના યુવા અભિનેતા અને અગ્રણી જનક ઠક્કરની ૧૯૫૨ના સિનેમેટોગ્રાફ અધિનિયમ મુજબ સ્થપાયેલ કેન્દ્રીય ફિલ્મ પ્રમાણન સંસ્થાની મુંબઈ -ક્ષેત્રિય કચેરી અંતર્ગત સલાહકાર સમિતીમાં નિમણૂક કરવામાં આવી છે જેના કારણે શહેરના યુવાનોમાં આનંદની લહેર પ્રસરી છે અને મિત્રવર્તુળ તરફથી શુભેચ્છાઓનો ધોધ શરૂ થયો છે.

સીબીએફસી ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય અંતર્ગત કાર્યરત છે જેના આઠ ક્ષેત્રિય કાર્યાલયો છે. ભારતીય સમાજના ઘડતર, વિચારનિર્માણ અને બદલાવમાં ફિલ્મો અને રંગભૂમિનું ઘણું જ મહત્વ રહ્યું છે, ત્યારે આ સંસ્થા મારફતે સમાજને હકારાત્મક, રાષ્ટ્રવાદી વિચારસરણી, સર્વ સમાજને સ્વીકાર્ય હોય અને કોઈની લાગણીઓ દુભાવતા ન હોય એવી ફિલ્મોનું નિર્માણ અને પ્રમાણન થાય તે અંગેની સલાહકાર સમિતિમાં જનકભાઈ ગાંધીનગરમાંથી પ્રતિનિધિત્વ કરનાર પ્રથમ યુવા પ્રતિનિધિ છે.

વ્યવસાયિક રીતે જનક ઠક્કર એક કલાકાર છે અને ઘણી ગુજરાતી ફિલ્મોમાં ખૂબ સારા અભિનયથી પ્રખ્યાત છે. 'રઘુવંશી' નામની તેઓની ફિલ્મ ઉત્તમ હતી. 'સૂરી- લાવશે સપનાની સવાર' નામની ગુજરાતી ધારાવાહિકમાં સરપંચના પાત્રથી તેઓ ગુજરાતભરમાં પ્રચલિત થયા છે અને તે માટે તેમને ઉત્તમ કલાકારના એવોર્ડથી નવાજવામાં આવેલ છે. ઘણી જાહેરાતોમાં લીડ રોલમાં ટીવીના પડદે જોવા મળી રહ્યાં છે. ભારતીય જનતા પાર્ટીના યુવા મોરચાની પ્રદેશ કારોબારીમાં ખાસ આમંત્રિત સભ્ય એવા જનકભાઈ ડીસા અને ગાંધીનગરના સ્વચ્છતા અભિયાનના બ્રાન્ડ એમ્બેસેડર પણ છે.

**અનેક સેવાકીય પ્રવૃતિઓમાં જનક ઠક્કરની સક્રિય ભૂમિકા**



નીત નવા કાર્યક્રમો મારફતે શહેરની સેવા કરતા જનકભાઈ પોતાની દીર્ઘદ્રષ્ટિ અને આગેવાની મારફતે નવનિર્માણ સેના નામનું યુવા સંગઠનનું નેતૃત્વ કરી રહ્યા છે. નવીન વિચાર સાથેની પાણીની પરબ, સેવાવસ્તીમાં ધાબળા-અન્ન-દવા વિતરણ, બ્લડ ડોનેશન કેમ્પ, મતદાર જાગૃતિ અભિયાન જેવા અનેકો કાર્યક્રમ તેમની દરવર્ષની પ્રવૃત્તિઓ છે. તાજેતરમાં કોવીડ -૧૯ દરમિયાન તેમણે માસ્ક, સેનેટાઈઝર વિતરણ પણ કર્યું અને યુવા મોરચા દ્વારા શરૂ થયેલ પ્રદેશ હેલ્પલાઈન કાર્યાલયમાં પણ સતત ઉપસ્થિત રહી સેવા આપી હતી. સામાજિક, રાજકીય અને વ્યવસાયિક ક્ષેત્રમાં યુવાનો માટે આદર્શની ભૂમિકા ભજવનાર જનક ઠક્કર યુવાઓ માટે પ્રેરણારૂપ વ્યક્તિત્વ સાબિત થયાં છે.

### મોતીપુરા માર્ગ પરથી દોઢ લાખના પશુઓની ચોરી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર તાલુકાના સાદરા ગામની સીમમાં મોતીપુરા રોડ પર ખુલ્લાવાડામાંથી દોઢ લાખની કિંતમની પાંચ ભેંસ ચોરાતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે. સાદરાના ગોગાપુરા વાસમાં રહેતાં જેઠાભાઈ મફતભાઈ રબારીએ આ અંગે ચિલોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જે મુજબ સાદરા વિદ્યાપીઠની બાજુમાં રોડ પર ખેતરમાં વાડામાં ૨૦ ભેંસ અને ૨ ગાયો રાખે છે. રવિવારે રાત્રે સાડાબાર વાગ્યે તેઓ ઘરે આવ્યા બાદ સોમવારે વહેલી સવારે ૬ વાગ્યે ઘરે આવ્યા ત્યારે પાંચ ભેંસ ગાયબ હતી. જેમાં ત્રણ કાળી અને બે ભૂરી ભેંસો બાંધેલ હતી તે સાંકળો કાપેલી હતી. આસપાસના વિસ્તારમાં તપાસ કરવા છતાં ભેંસોનો કોઈ પત્તો ન લાગતા આખરે તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.



### સિવિલ હોસ્પિટલમાં મિનરલ પાણીનું વિતરણ

ગાંધીનગરમાં એક તો કોરોના કટોકટીથી સૌ કોઈ વ્યથિત છે અને બીજી તરફ ઉનાળાની કાળઝાળ ગરમી પણ નાગરિકોને પરેશાન કરી રહી છે, આ સમયે શહેરની સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને જોવા કે તેમની સાથે આવતા તેમના સગાને તરસ લાગે ત્યારે પીવાના પાણી માટે ફાંફે ચઢી જાય છે. આ સ્થિતિને અનુલક્ષીને કેટલાક સેવાભાવી યુવાનો દ્વારા સિવિલ કેમ્પસમાં પીવાના ઠંડા મિનરલ પાણીની બોટલોના નિઃશુલ્ક વિતરણની સેવા શરૂ કરવામાં આવી છે જેનો લાભ સિવિલ કેમ્પસમાં આવતા અનેક મુલાકાતીઓ સહિત નર્સિંગ-પેરામેડિકલ સ્ટાફ પણ લઈ રહ્યા છે અને આ સેવાને બિરદાવી રહ્યા છે.




### વલાદ ગામે ઉકાળા વિતરણ

સતત વધી રહેલા કોરોનાના કહેરમાં હવે ગ્રામ્ય વિસ્તારોમાં પણ ઝડપથી કેસ વધવા લાગ્યા છે. આ સમયે ગ્રામીણ નાગરિકોની રોગપ્રતિકારક શક્તિ વધે અને આ કોરોના મહામારીના કપરા સમયમાં પણ જનતા નિરોગી અને સ્વસ્થ રહી મહામારીનો સામનો કરી શકે તે હેતુથી શુક્રવારના રોજથી સતત ચાર દિવસ માટે ગાંધીનગરના વલાદ ગામે વેસ્ટર્ન એગ્રી સિડ્સ કંપની અને સોનીપુરના સામાજીક કાર્યકર નરેશજી ઠાકોરના સહયોગથી સ્વનિર્ભર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક આયુર્વેદિક ઉકાળા વિતરણનું અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. સરકારની ગાઈડલાઈન્સ પ્રમાણે ફરજીયાત માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સના નિયમોનું પાલન કરવામાં આવ્યું હતું.



### સિવિલમાં સેવાભાવી નાગરીકોનો સેવાયજ્ઞ

શહેરમાં વૈશ્વિક મહામારી કોરોનાએ અજગરી ભરડો લીધો છે. શહેરની ખાનગી-સરકારી કોવિડ હોસ્પિટલ દર્દીઓથી ઉભરાય છે ત્યારે સિવિલમાં કોવિડ ઓપીડી બહાર ૧૦૮ એમ્બ્યુલન્સની લાઈન લાગે છે. ૬૦૦ બેડની ઈમારત બાજુ દર્દી-સ્વજનો મોટી સંખ્યામાં એકત્ર થયા હોય છે. ત્યારે દર્દીની સેવામાં રહેલા નાગરીકોને પાણી, નાસ્તા અને જમવા માટે દોડધામ કરવી પડે છે. કોરોનાના વધતા જતા સંક્રમણને અટકાવવા માટે શહેરની તમામ ખાણી-પીણીની લારીઓ, હોટલો બંધ છે. ત્યારે આવા કપરા સમયે અમદાવાદ વેપારી મંડળ, ટુ-વિઝન અને સહયોગ મંડળ ગાંધીનગર, માનવ સેવા સમિતિ અને ગૌ શાળા ડભોડા સહિતની સંસ્થાઓ અને સેવાભાવી નાગરીકો આગળ આવ્યા છે. સિવિલમાં ચા-નાસ્તો, પુલાવ, ખીચડી, મીનરલ પાણી, છાશ, શાક-રોટલી, લીંબુ શરબત વિનામૂલ્યે સવારથી રાત સુધી આપવામાં આવે છે.

# સે. ૨૬માં પત્નીની હત્યા કરનાર પતિએ કેનાલમાં કુદકો માર્યો

## મોતનો ડર લાગતા કેનાલમાંથી બહાર નીકળી ગયો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૬ માં પતિએ ગતરોજ ભર બપોરે પત્નીને છરીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી હતી. ત્યારબાદ ત્યાંથી નાસી છુટનાર પતિએ કોબા નજીક આવેલી નર્મદા કેનાલમાં કુદકો મારી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પરંતુ પત્નીની હત્યા કરનારને મરવાનો ડર લાગતા તે કેનાલમાંથી બહાર નીકળી ગયો હતો. કેનાલમાંથી નરોડા ખાતે ઘરે પહોંચતા જ પોલીસે તેને ઝડપી પાડ્યો હતો.



સૂત્રો દ્વારા મળતી વિગત મુજબ સેક્ટર-૨૬ મુખવાસ મોલ નજીક પાર્કિંગમાં પત્નીની નિર્મમ હત્યા કરી નાસી જનાર પતિ યોગેશ પાટીલે પોતાની માતાને ફોન કર્યો હતો. તેણે કહ્યુ હતુ કે પોતાની દિવ્યાને છરીના ઘા માર્યા છે. હું પણ હવે જીંદગી જીવવા માંગતો નથી. હું કેનાલમાં મરવા માટે જઈ રહ્યો છુ. આટલુ કહી ફોન કટ કરી દીધો હતો. જેને પગલે તેની માતાએ તેના પાપાને ફોન કરીને તમામ વાત જણાવી હતી. જેથી તેના પિતા પણ ચિંતાગ્રસ્ત હાલતમાં સતત યોગેશને ફોન કરી રહ્યા હતા પરંતુ યોગેશ ફોન ઉઠાવતો ન હતો.

કોબા નર્મદા કેનાલ પહોંચેલા યોગેશે બાઈક અને મોબાઈલ દૂર મૂકી તેણે કેનાલમાં કુદકો માર્યો હતો. તેને નજરે જોનારા વ્યક્તિઓએ બુમો પાડી બહાર આવી જવા માટે જણાવ્યુ હતુ ત્યારે કેનાલના ધસમસતા પાણીના પ્રવાહને જોઈ મોતના ભયથી તે કેનાલની બહાર આવી ગયો હતો. જ્યારે યોગેશે આપઘાતની વાત કહેતા તેની માતાએ પણ ઘરના બીજા મજલેથી આપઘાત કરવાની તૈયારીઓ કરી હતી. જેને પગલે ભગવાનદાસ પાટીલે સતત યોગેશને ફોન કર્યા હતા. પરંતુ યોગેશ ફોન ઉપાડતો ન હતો. જ્યારે કેનાલમાંથી બહાર નીકળતા યોગેશને તેના પિતાએ માતા આપઘાત કરી રહી હોવાનું જણાવતા યોગેશ તાત્કાલિક કેનાલથી નરોડા ઘરે પહોંચ્યો હતો. જો કે યોગેશની રાહ જોઈ ઉભેલી પોલીસની ટીમે તેને તેના ઘરેથી ઝડપી પાડ્યો હતો. પોલીસે હત્યારા પતિની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે યોગેશે છરી નર્મદા કેનાલમાં નાંખી દેતા તેની શોધખોળ શરૂ કરી છે.

## જન્મદિને વધામણી



પરમજીત કૌર છાબડા
નિયામક, અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ
ઉપપ્રમુખ, ગાંધીનગર ભાજપ



પ્રહલાદભાઈ પી. પ્રજાપતિ
મો. ૯૪૨૬૩ ૮૧૫૯૬



ભરતકુમાર સોમાભાઈ પરમાર
મો. ૯૭૧૪૯ ૫૮૩૫૯




શનિકુમાર વાઘેલા
રેડક્રોસ, ગાંધીનગર



કુલદીપસિંહ એલ સોલંકી
મો. ૯૯૨૪૦ ૦૧૬૩૩



કિંજલ જયસિંઘાની
મેકઅપ આર્ટીસ્ટ



માનવીબા નરેશજી ઠાકોર
મો. ૯૮૯૮૧ ૩૮૩૩૬



અક્ષર અશ્વિનભાઈ વૈષ્ણવ

**ઘરમાં રહો સુરક્ષિત રહો**